Registration No.: CC/ 4321/2008
Filing No.: CC/ 4321/2008
Filed On: 21/01/2002
Registered On : 08/12/2008
Decided on : 05/10/2019
Duration: dd/mm/yy

IN THE COURT OF ADDL.CHIEF METRO.MAGI.(COURT NO.33) AT.AHMEDABAD

CRIMINAL CASE NO. 4321 OF 2008.
(OLD CRIMINAL CASE NO.84 OF 2002)

CC/ 4321/2008 **Exh.21**

Complainant:

1. **Dena Bank**
   Navrangpura Branch,
   Surya Compex, Near Swastik Char rasta,
   Navrangpura, Ahmedabad-380009.
   Through it's duly authorised person, namely
   Ranjit Anand Soni
   Age.Adult,Occupation-Service.

VERSUS

Accused:

1. **Rooshila Steel Private Limited**
   A'Private Limited, company, incorporated under the provision of the Companies Act 1956, having it's registered office at: 24, Avnika Park Society, Khanpur, Ahmedabad.380001.
2. **Mr.Nitinkumar S. Shah**
   Director of accused no.1 company
   Adult, Occupation: Business,
   having office at: 24, Avnika Park Society, Khanpur, Ahmedabad - 380 001.
   And,
   Residing at: 17, Ashwamegh Bunglows, Part III, Satellite ring road, Ahmedabad-380 015.

Appearance :
HEMAL D. SHAH Advocate For Complainant
KAMLESH K PATEL Advocate For Accused NO.1 AND 2

ગુનો :- ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરિયાદ.....

-: J U D G E M E N T :-

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તે દેનાબેંકના મેનેજર છે અને હાલની ફરિયાદ કરવાનો તેમને ઓથોરીટી મળેલ છે અને તે અન્વયે હાલની આ ફરિયાદ કરેલ છે. આરોપી નં. ૧ એ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને તે સ્ટીલ અને તેને લગતી વસ્તુઓનું ઉત્પાદન કરે છે અને જેમાં એમ.એસ.રાઉન્ડ, સીટીડી બાર્સ પલેટર્સ એન્ડ એંગલસ વગેરેનું ઉત્પાદન તેમની ફેકટરીમાં કરે છે જે પ્લોટ નં. ૩૯૯/૨૭, ચાંગોદર ઈન્ડ.એસ્ટેટ, સરખેજ બાવડા નેશનલ હાઈવે, ચાંગોદર મુકામે આવેલ છે અને આરોપી નં. ર તે કંપનીના રોજબરોજના વહીવટનો દેખરેખ રાખે છે અને જવાબદાર વ્યકિત છે. આરોપી નં. ૧ સંસ્થાનો વહીવટ આરોપી નં. રના કરે છે અને આરોપી નં.રને તેમના ધંધા માટે નાણાંની જરૂર હોય તેમને બે પ્રકારે લોન આપવામાં આવેલી જેમાં (૧) કેશ ક્રેડીટ હાઈપોથીકેશન ઓફ ગુડસ ફેસીલીટી આપવામાં આવેલ જેની લીમીટ ૧૭ લાખની હતી અને કેશ ક્રેડીટ હાઈપોથીકેશન ડેબીટ બુકની ફેસીલીટી ૯ લાખની આપવામાં આવેલી અને આ બંને ફેસેલીટીઓ તેમને કમ્બાઈન્ડ આપવામાં આવેલી. અને તે અંગે આરોપીએ દસ્તાવેજો કરી આપેલા. વધુમાં ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીએ ઉપરોકત લોન ભરવામાં બેદરકાર તથા અને શરતોનો ભંગ કરેલ છે જેથી ફરિયાદીએ રીકવરી એપ્લીકેશન નંબર ૧૦૧/૯૮ ની તે ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ ગુજરાત રાજય, અમદાવાદ સમક્ષ રૂા. ૩૫,૩૭,૪૯૩/ માટે કરેલ અને તે કામે લોક અદાલત તા.૧૩–૯–૨૦૦૧ ના રોજ યોજાયેલ અને તેમાં સમાધાન થતાં આરોપી નં. ૧નાએ કોમ્પ્રોમાઈઝ કરેલ અને તે કામે રૂા. ૩૦ લાખમાં સમાધાન થયેલ જેમાં, ૧૦ લાખ રૂા. તારીખ:– ૧૨–૧૦–૨૦૦૧ સુધીમાં અને બાકીના રૂા. ૨૦ લાખ તા. ૩૧–૧૨–૨૦૦૧ ના રોજ આપવાનું નકકી થયેલ અને જો તેમાં ડીફોલ્ટ થાય તો ફરીયાદી તમામ રકમ વ્યાજ સહિત વસુલ લેવા હકકદાર થશે અને તે શરતોને આધીન સમાધાન થયેલ અને ત્યારબાદ સદરહું કામે આરોપીએ રૂા. ૧૦ લાખ પેટે તા. ૨૦–૧૦–૨૦૦૧ ના રોજનો ચેક નં. ૦૧૫૩૦૦ નો અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક, સરખેજ બાવળા હાઈવે રોડ , ચાંગોદરનો આપેલ જે ચેક ફરીયાદીને તેમના નામજોગ આપેલ. અને

સ્વીકારઈ જવાનો વિશ્વાસ આપેલ જે ચેક રજૂ કરતાં તે '' અપૂરતા ભંડોળ '' ના કારણે પરત ફરેલ જેથી તે અંગે આરોપીને વાત કરતાં તા. ૨૪–૧૧–૨૦૦૧ ના રોજ ફરીથી રજૂ કરવા જણાવેલ જેથી તે ચેક ફરી રજૂ કરતા તા. ૨૬–૧૧–૨૦૦૧ ના રોજ તે ''અપૂરતા ભંડોળ''ના રોજ પરત આવેલ જેથી તા. ૨૭–૧૧–૨૦૦૧ ના રોજ નોટીસ આપેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ. આમ, આરોપી એ નાણા ચુકવેલ નથી. આથી હાલની ફરિયાદ કરેલ છે. જેથી આરોપીએ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે જેથી આરોપીને કાયદા મુજબ સજા કરવા જણાવેલ છે.

(૨) આરોપીઓને સંમશ બજતા હાજર થતાં, ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપીઓનું આંક–૦૭,૦૮ થી નિવેદન લેતાં ગુનો કબૂલ ન હોવાનું જણાવતા ફરિયાદપક્ષના પુરવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરાવા કરવા સારૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે. જે નીચે મુજબ છે.

<u>મૌખિક પુરાવો</u>

અનુ	**આંક**	**શાહેદનુ નામ**
૧.	૧૨	ફરિયાદી અમિતકુમાર અજીતકુમાર સિન્હાની જુબાની

<u>દસ્તાવેજી પુરાવો</u>

અનું	**આંક**	**દસ્તાવેજનું નામ**
૧.	૧૪	ફરિયાદી બેંકનું ગેઝેટની કોપી
૨.	૧૫	આરોપીએ આપેલ ચેક નં. ૦૧૫૩૦૦
૩.	૧૬	ઉપરોકત ચેકનો રીટર્ન મેમો
૪.	૧૭	રીટર્ન થયેલના જાણ કરતો પત્ર
૫.	૧૮	નોટીસની સ્થળપ્રત
૬.	૧૯	આર.પી.નં.૯૪૩ ડેબ્ટ રીકવરી, અમદાવાદ સમક્ષની

હુકમની કોપી (ઉલટ તપાસમાં રજુ)

૭. ૨૦ કલોઝીંગ પુરશીસ

ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો બંધ થતાં,આરોપીનું ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતાં,ગુનો કર્યાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનું જણાવી તેમને ખોટી રીતે સંડોવેલ છે અને ફરીયાદીને કોઈ કાયદેસરનું લેણું નીકળતુ નથી અને ફરીયાદવાળો ચેક સીકયોરીટી પેટે આપેલ તે ચેકનો દુરઉપયોગ કરેલ છે અને ત્યારબાદ પોતે વિટનેસ બોકસમાં આવેલ નથી કે સાહેદને તપાસેલ નથી.

(૪) ફરીયાદી તરફે વિગતવાર દલીલો જોતાં, ફરિયાદને અનુરૂપ દલીલો કરતા જણાવેલ છે કે, ફરિયાદી તે દેના બેંકના અધિકારી છે અને તેમને મળેલ ઓથોરીટીની રૂઈએ આ ફરીયાદ કરેલ અને ત્યારબાદ સંસ્થાના અધિકારી બદલાતા હાલના આંક–૧૨ના અધિકારીએ સોગંદ ઉપર જુબાની આપેલ છે અને આંક–૧૪ થી ૧૮ના પુરાવા રજૂ કરેલ છે. આરોપીને નોટીસ આપેલ અને તે નોટીસ બજી ગયેલ પરંતુ તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ ફરિયાદી પાસે કયાંક મુકાઈ જતાં મળી આવેલ નહીં અને આરોપીપક્ષે પણ નોટીસનો જે તે સમયે જવાબ આપેલ નહીં જેથી કાયદેસરનું લેણું પુરવાર કરેલ છે. જેથી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ કોઈ ખંડનાત્મક પુરાવો રજૂ કરેલ નથી જેથી આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર થતો હોઈ તકસીરવાન ઠરાવવા દલીલો કરેલ છે.

(૪/૧) આરોપી તરફે વિગતવાર દલીલો જોતાં, ફરિયાદીના કહેવા પ્રમાણે આરોપી વિરૂધ્ધ કોઈ ગુનો બનતો જ નથી. ફરિયાદીના કથન મુજબ જ ગુનો બનતો નથી ફરિયાદીએ હાલની ફરિયાદ કરેલ છે અને જે ચેક રજુ કરેલ છે તે ચેક આરોપીએ કાયદેસરના લેણાં પેટે ફરીયાદીને ઈસ્યુ કરેલ નથી પરંતુ ફરીયાદીએ સદરહું ચેક જે તે સમયે સીકયોરીટી પેટે આપેલ અને તે ચેકનો ફરીયાદીએ દુરુપયોગ કરેલ છે જે મકાન ઉપર લોન આપવામાં આવેલ તે લોનનો પ્રકાર જોતાં જે તે સમયે ભરપાઈ થઈ ગયેલ અને લેણું બાકી નીકળતા હોવા અંગે ફરિયાદપક્ષે કોઈ

ખાતાનો ઉતારો પણ રજૂ કરેલ નથી અને ફરીયાદપક્ષે નોટીસ આપેલ તે નોટીસ પોસ્ટ કર્યાના કોઈ અસલ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી અને પોસ્ટ ખાતાની તપાસીને તે પુરવાર કરેલ નથી જેથી આરોપી વિરુધ્ધ કોઈ ગુનો બનતો નથી અને નિદોર્ષ છોડી મુકવા દલીલ કરેલ છે.

(૫) બન્ને પક્ષોની હકીકતો અને રજૂઆતો જોતાં હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીને કાયદેસરની લેણી નીકળતી રકમ ચુકવી આપવા સારૂ ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી., ચાંગોદર શાખાનો ચેક નં. ૦૧૫૩૦૦, રૂા.૧૦,૦૦,૦૦૦/–પૂરાનો તા. ૨૦–૧૦–૨૦૦૧ ના રોજનો ચેક આપેલો જે ચેક સ્વીકારાઈ જવાનો વિશ્વાસ આપેલો અને જે ચેક ફરીયાદીએ તેમના ખાતામાં રજુ કરતાં તા.૨૭–૧૧–૦૧ ના રોજ '' ફંડ ઈનસફીશીયન્ટ '' ના શેરાથી પરત થતાં, જેથી તા. ૫/૧૨/૦૧ ના રોજ રજી. પો.એ.ડી. થી નોટિસ આપતા તે લેવાની ના પાડતા જેથી તે બજી જતાં નાણા ન ચુકવીને તેમ કરીને નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુજબ.

::– કા ર ણો ::–

(૭) બન્ને પક્ષની દલીલો સાથે રજૂ કરેલ પુરાવાની હકીકતો જોતાં, અગાઉ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ જોઈએ તો સમગ્ર રીતે અથવા

અંશત: રીતે કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી માટે કોઈ વ્યકિતએ પોતે નિભાવતા હોય તેવા ખાતા પરનો ચેક ખાતામાંથી બીજા વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે આપે અને ચેકની ચુકવણી કર્યા વગર બેન્કએ પરત કરે, કારણ કે આ ખાતામાં જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે. અથવા તો બેંક સાથે સમજુતિની કરેલ વ્યવસ્થા ગુનો કર્યો ગણાશે. જો કે કલમ-૧૩૮ ના પ્રોવોઈઝોમાં એ, બી, સી, ત્રણ કલોઝડ આપેલ છે અને એ ત્રણ કલોઝની હકીકતો પણ રેકર્ડ ઉપર જણાઈ આવવી જોઈએ. એટલે કે ચેકની વેલીડીટી સમય દરમ્યાન રજૂ થયેલ હોવો જોઈએ. ચેક રીટર્ન થયા પછી નિયત સમયમાં નોટિસ આપેલ હોવી જોઈએ અને નોટિસ મળ્યાના દિન-૧૫ માં ચેક લખનાર જો રકમ ચુકવી આપે તો આ કલમમાહેનું કશુંજ લાગુ પાડી શકે નહી. આ કલમમાં સ્પષ્ટીકરણ આપવામાં આવેલ છે અને આ કલમના હેતુ માટે દેવું અથવા જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા જવાબદારી એવો કરવામાં આવે છે.

(૮) વધુમાં નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮(એ)વંચાણે લેતાં દરેક વટાઉખત અવેજ માટે કરી આપ્યુ હતુ તેવું અનુમાન થઇ શકે, અને કલમ-૧૩૯ વંચાણે લેતા, ચેકના ધારણ કરનારને ચેક દેવા-બોજ મુકત થવાના બદલામાં આપવામાં આવેલ તેવું પણ અનુમાન થઇ શકે. આ બંને અનુમાનો ફરિયાદીની તરફેણમાં અવશ્ય કરી સકાય. જો કે આ બંને અનુમાનો માટેના કલમોના શરૂઆતમાં શબ્દો જોઇએતો એવા રહેલ છે કે "વિરૂધ્ધનું પુરવાર ન થાય તો "જેનો અર્થ થાય કે આ બંને અનુમાનો ખંડીત કરી શકાય તેવા અનુમાનો છે. હાલના કેસમાં ચેક રીટર્ન થયાનું કારણ ફકત અપુરતું ભંડોળ બતાવવામાં આવેલ છે. આથી ફરિયાદીને આરોપીએ જે ચેક આપેલ તે કાયદેસર અમલ કરાવી શકાય તેવા લેણાં માટેનો હતો કે નહી.?

(૯) નામ.સુપ્રિમકોર્ટ તથા જુદી-જુદી નામદાર હાઇકોર્ટના અસંખ્ય ચુકાદાઓ છે કે, કાયદેસરનું લેણું હતુ કે નહી તે પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. હાલના

કેસમાં પ્રસ્તુત કેસમાં આરોપીએ બચાવના કોઇ પુરાવો આપેલ નથી પરંતુ તેટલાં માત્રથી એવું કહી ન શકાય કે,ફકત બચાવમાં પુરાવો રજુ કરેલ નથી તેથી આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ ગણી શકાય. જો સમગ્ર પુરાવાથી આરોપીપક્ષ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૯ અને ૧૧૮(એ) તળે ઉત્પન્ન થયેલ અનુમાનો ખંડિત કરી શકે તેવા સંજોગો બતાવી શકેતો તેવા સંજોગો ચોક્કસપણે ધ્યાને લઇ શકાય. તેમજ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૨૦ સ્ટેમ્પવાળું અધુરૂખત આપવામાં આવેલ હોય ત્યારે તે અંગેની જોગવાઇ ધ્યાને લેતાં તે મહત્વની ગણી શકાય જે વંચાણે લેતા જયારે અધુરૂખત આપવામાં આવે ત્યારે તેના ધારકને તેના ઉપર સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલ રકમ માટે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પૂરૂ કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતઓ, તે વટાઉખત ઉપરથી તે રકમ માટે, યથાક્રમધારકને જવાબદાર રહેશે.

(૧૦) **મુદ્દા નં.–૧**

ફરિયાદપક્ષે ફરિયાદની હકીકતો પુરવાર કરવા સારૂ સાહેદને તપાસેલ છે જેમાં આંક ૧૨ થી ફરિયાદી અમિતકુમાર અજીતકુમાર સિન્હાને તપાસેલ છે અને આંક–૧૪ થી ૧૮ના દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલ છે. હવે આ કામે આંક . ૩ થી ફરિયાદી ધર્મેન્દ્રભાઈ આર.દ વેનો મુખ્યત્વે પુરાવો જોતાં, આંક–૦૧ ની ફરિયાદને અનુરૂપ આપેલ છે.

જયારે આરોપી તરફે ઉલટતપાસ કરતાં તેવું જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મને જે ઓથો.લેટર આપેલ છે જે જનરલ મેનેજરે આપેલ છે. તે વાત ખરી નથી કે જનરલ મેનેજરે મને હાલની ફરીયાદ ચલાવવાની કોઈ સત્તા ન હોવા છતાં તેમને સત્તાની બહાર જઈ મને ખોટી રીતે ઓથોરાઈઝડ કરેલ છે. તે વાત ખરી નથી કે આ કામના મૂળ ફરિયાદી કે જેમની મારફતે ફરિયાદ દાખલ કરેલ તે રણજીત આનંદ સોનીને પણ હાલની ફરીયાદ કરવા માટે ખોટી રીતે ઓથોરાઈઝ કરીને તેમને ખોટી રીતે ફરીયાદ કરેલ છે. તે વાત ખરી છે કે તે લોન ૧ એપ્રિલ ૧૯૯૫ના રોજ આપવામાં આવેલ. તે વાત ખરી છે કે આરોપીને તેમના

મકાનના તારણ ઉપર લોન આપવામાં આવેલ જે બંગલો અશ્વમેઘ નામે ઓળખાય છે અને જેનો નં. ૧૭ છે. તે વાત ખરી છે કે આરોપીનું ખાતુ તા. ૦૧–૪–૯૭ થી એન.પી.એ. થયેલ છે. તે વાત ખરી છે કે રીઝર્વ બેંકની સુચના મુજબ ખાતુ એન.પી.એ. થાય તો તે ખાતુ વ્યાજ ઉધારાતુ નથી. તે વાત ખરી છે કે આરોપી વિરુધ્ધ ડી.આર.ટી.માં ૧૦૭/૯૮ થી રીકવરી દાવો કરવામાં આવેલ. તે વાત ખરી છે કે તે દાવાના કામે ત્રાહિત ઈસમે સદરહું મિલકત કે જે તારણમાં હતી તેને તારણ થી મુકત કરાવેલ. તે વાત ખરી નથી કે અમોએ ચેક બાઉન્સ થતાં આરોપીને ડીમાન્ડ નોટીસ આપેલ નથી અને તે નોટીસ આરોપીને બજેલ પણ નથી તેમ છતાં હું ખોટો પુરાવો આપુ છું. તે વાત ખરી છે કે આ કામે આરોપીને નોટીસ અસલ પોસ્ટ કર્યા અંગેની પોસ્ટની પાવતી રજૂ કરેલ નથી અને જો આ પોસ્ટ કરી હોય તો તેને ઝેરોક્ષ કોપી પણ રજૂ કરેલ નથી. તે વાત ખરી છે કે આરોપીને નોટીસ બજયાનું એકનો.સ્લીપ રજૂ કરેલ નથી. તથા તે સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૦.૧) હવે આ કામે આરોપીનો બચાવ જોતાં, ટોટલ ડીનાઈલનો છે અને આરોપીએ સિકયોરીટિ પેટે ચેક આપેલ અને લોન ભરપાઈ કરી દીધેલ છે. આમ જયારે ચેકમાં સહી કરેલ પરંતુ ફરીયાદવાળા ચેક તે ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે નહી તે બચાવ પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે પરંતુ ચેકમાં સહી કર્યાનું સ્વીકારતા હોય ત્યારે આ ચેકો આરોપીએ કાયદેસરના લેણાં જવાબદારી અદા કરવા એટલે કે **enforceable debt** માટે ચેક આપેલ તેવુ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ મુજબ અનુમાન કરવાનું થાય. આ કામે નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મહત્વની કહી શકાય જે નીચે મુજબ છે.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા પ્રમાણે કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા યુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

આમ આરોપીએ પોતે જે ચેક સહી કરીને આપેલ તેમાં તેમની સહી કરેલ હોય ત્યારે તે રીબર્ટ કરવા માટે આરોપી પાસે બે વિકલ્પો રહે જેમાં એક તો તે ચેક ફરિયાદીને કાયદેસરના લેણાં જવાબદારી અદા કરવા આપેલ નહી કે ફરિયાદી કોઈ લેણું (**enforceable debt**) માંગતા જ ન હતા અને તેવો રીબર્ટેબલ પ્રોબેબલ બચાવ રજૂ કરવો પડે તેમ હું માનુ છું અને તે માટે ફરિયાદીની જેમ **બીયોન્ડ રીઝનેબલ ડાઉટ** પોતાનો બચાવ પુરવાર કરવાનો નથી અને તે માટે આરોપીએ પોતે વીટનેશ બોકસમાં આવવાની કે સાહેદ તપાસવાની જરૂર નથી તે ફરિયાદપક્ષના જે મટીરીયલ્સ પુરાવા રજૂ થયેલ હોય તેના પર આધાર રાખી શકે.

(૧૦.૨) હવે આ કામે આરોપીએ જે બચાવ લીધેલ છે તે રીબર્ટ કરવા ફરિયાદીના પુરાવાઓ પર આધાર રાખેલ છે અને પોતે વીટનેશ બોકસમાં આવેલ છે અને તેમની ઉલટતપાસ ફરીયાદપક્ષે કરેલ તેના ઉપર આધાર રાખેલ છે હવે આ કામે આરોપીનો બચાવ જોતાં તેમણે ચેક કાયદેસરના લેણા પેટે નહીં પરંતુ સીકયોરીટી પેટે આપેલો અને તે લોન ભરપાઈ થઈ ગયેલ છે. હવે તે મુદ્દે આરોપી પક્ષે જે ઉલટ તપાસ થયેલ છે તેમાં આ સાહેદે સ્વીકારેલ કે, તે વાત ખરી છે કે તા.૧-૪-૯૭ થી ખાતુ એન.પી.એ. થયેલ અને તેના ઉપર વ્યાજ ઉધારવામાં આવતુ નથી અને ડીઆરટીમાં ૧૦૭/૯૮ રીકવરી કરેલ તેમાં દાવાના કામે ત્રાહિત ઈસમે જે તે તારણમાં હતી તે તારણમાંથી મુકત કરાવેલ છે. આમ, હવે તે હકકીત જોતાં સાથે, જે ડીઆરટીનો હુકમ રજૂ થયેલ છે તે જોતાં તા.૭-૧૦-૨૦૦૮નો છે અને તેમાં રૂા. ૧૪,૬૦,૦૦૦/ તેમની બેન્કને મળેલાનુ વંચાય છે જે જોતાં ફરીયાદપક્ષનો હાલનો કેસ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે જે ચેક આપવામાં આવેલ તે તા. ૨૦-૧૦-૨૦૦૧ના રોજ આપેલ આમ તે હકીકત જોતાં તારીખ :- ૭-૧૦-૨૦૦૮ના રોજ ૧૪ લાખ ૬૦ હજાર જમા થયેલ છે તેઆ ફરીયાદ કર્યાના ૭ વર્ષ પછી જમા થયેલ છે. હવે, તે જોતાં સાથે ફરીયાદપક્ષનો મુળ કેસ જ ોતા ફરીયાદીએ રીકવરી ટ્રીબ્યુનલ સમક્ષ ૧૦૧/૧૯૯૮ થી અરજી કરેલ અને તે મુજબ તેમને ૩૫,૩૭,૪૯૩/- પેટે ૩૦,૦૦,૦૦૦માં સમાધાન થયેલ પરંતુ

ફરીયાદપક્ષે તેઓ કોઈ હુકમ કે સમાધાન આ કામે રજૂ થયેલ નથી. આમ, હવે તે જોતાં તે રીકવરી અંગેની અરજી કે કાર્યવાહી કે સમાધાનનો હુકમ રજૂ થયેલ નથી પરંતુ જયારે ચેક ઈસ્યુ કરવામાં આવેલ ત્યારે આ ચેકમાં આરોપીએ પોતાની સહી સ્વીકારેલ છે ત્યારે તે કાયદેસરના લેણા પેટે આપેલાનુ કહી શકાય આથી તે અંગે આરોપી ધ્વારા ફરીયાદીની જે ઉલટ તપાસ થયેલ તેમાં કોઈ ખંડનાત્મક પુરાવો રજૂ કરેલ નથી. આથી ફરીયાદીનુ કાયદેસરનું લેવાનુ હું માનુ છુ.

(૧૦.૩) હવે આ કામે ફરીયાદપક્ષનો મુળથી કેસ જોતા આરોપીએ આપેલ ૧૫ લાખનો ચેક રીટર્ન થતાં તેમને તા. ૫–૧૨–૨૦૦૧ ના રોજ તેમના વકિલશ્રી માફરતે ડીમાન્ડ નોટીસ આપેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે અને તેના નાણાં આરોપીએ ચુકવેલ નથી. આમ,હવે તે જોતાં સાથે નેગો.ઈ.એકટની કલમ ૧૩૮(બી)વંચાણે લેતાં કાયદામાં, નોટીસ આપવા અંગેની જોગવાઈ છે અને તે બજવા અંગે કોઈ જોગવાઈ નથી. પરંતુ ફરીયાદપક્ષે નોટીસ આપેલ તે પુરાવાથી બતાવુ પડે. ફરીયાદપક્ષે આંક–૧૨ની નોટીસ તા. ૫–૧૨–૨૦૦૧ ના રોજ આપેલ જે નોટીસ તેમણે આપેલાનુ જણાવેલ છે પરંતુ. તે અંગે ખરેખર આ નોટીસ પોસ્ટ કરી તો તે પોસ્ટ કર્યા અંગે જે પોસ્ટ ઓાફીસમાંથી નોટીસ મોકાવેલ અને તે મોકલતી વખતે રજી.પો.એ.ડી. અગર તો યુપીસીનો ચાર્જ ચૂકવેલ હોય તેવી કોઈ પહોંચ રજૂ કરેલ નથી અને કહેવાતી નોટીસ આરોપીને બજી ગયેલ હોય તે અંગે પણ કોઈ માની શકાય તેવા પુરાવો રજૂ કરેલ નથી. તથા પોસ્ટ ખાતાના કોઈ જવાબદાર કે સંબંધિત કર્મચારીને તપાસીને પણ ખરેખર આ નોટીસ તે રજી.પો.એડી.થીમોકલેલ કે કેમ તેવી કોઈ હકીકત પુરવાર કરેલ નથી. અને જયાં સુધી મુળ રેકર્ડ, પુરાવો રેકર્ડ ઉપર ના આવે ત્યાં સુધી ઝેરોક્ષ કોપી કે જે ગૌણ પુરાવો ગણાય તે પણ અસલ પુરાવો નાશ પામેલ ન હોઈ ધ્યાને લઈ શકાય નહીં. ત્યારે પુનરાર્વતનના દોષ સાથે જણાવવાનું કે જયાં સુધી નોટીસ મોકલ ેલાનુ પુનરાવર્તન ન થાય ત્યાં સુધી નેગો.ઈ.એકટની કલમ ૧૩૮ બી નુ ફરીયાદપક્ષે પાલન થયેલ કહી શકાય નહીં. આમ જયારે કાયદાની મેનરેટરી જોગવાઈઓનો ફરીયાદપક્ષે ભંગ થયેલ હોય ત્યારે, તેનો લાભ આરોપીને મને તેમ હું

માનુ છું. આથી હવે વિશેષ ચર્ચા ન કરતાં, ન્યાયના હિતમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય '' નકારમાં '' ઠરાવીને મુદ્દા નં.–ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ ::–

(૧) આરોપી નં. **૧.** રોશીલા સ્ટીલ પ્રાઈવેટલીમીટેડ, રજી.ઓફીસ : ર૪, અવનિકા પાર્ક સોસાયટી, ખાનપુર, અમદાવાદ –૩૮૦૦૦૧ તથા આરોપી નં. **ર** નીતીનકુમાર એસ.શાહ, તે આરોપી નં. ૧ કંપનીના ડાયરેકટર, ઉંમર: પુખ્ત, ઓફીસ: ર૪, અવનિકા પાર્ક સોસાયટી, ખાનપુર, અમદાવાદ –૩૮૦૦૦૧ તથા રહે. ૧૭, અશ્વમેઘ બંગલોઝ, પાર્ટ –૩, સેટેલાઈટ રીંગ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫ નાઓને ક્રિ.પો.કોડની કલમ–ર૫૫(૧) અન્વયે નેગો.ઈન્સ્ટ્રુ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) ક્રિ.પો. કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓએ અપીલ થતા સુધી છ માસ સુધીના રૂા.૫,૦૦૦/–ના જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજૂ કરવા અગર તો અગાઉ આપેલ જામીન અપીલ થતા સુધી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તા.૦૫/૧૦/ર૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date .05/10/2019
Place: AHMEADABAD

MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI
GJ-00741
ADDL.CHIEF METROPOLITAN MAGI.
(COURT NO.33) AHMEADABAD